## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**તમે અમને નાહકનાં ક્લાઈમેટ ચેંજ, ક્લાઈમેટ ચેંજનાં નામે ડરાવો છો, .... છેલ્લા આઠ મહિનાથી સતત વરસાદી ક્લાઈમેટ જ છે, ક્યાં ચેંજ થાય છે...!!**

# હોટલો, કેન્ટીન-રેસ્ટોરન્ટની સ્થિતિ ગ્રાહકો તપાસી શકશે

### ફુડ એન્ડ સેફ્ટી વિભાગનો મહત્વનો આદેશ : પરમિશન લઈને પ્રવેશના બોર્ડ હટાવવા ફૂડ એન્ડ સેફ્ટી વિભાગનો હુકમ : રસોડામાં ગ્રાહક સરળતાથી જોઈ શકશે

ગુજરાતભરમાં આવેલી હોટલો, કેન્ટીન અને રેસ્ટોરાંમાં હવે ગ્રાહકો રસોડાની અંદર કેવી સ્થિતિ છે તે જોઈ શકશે. રસોડાની બહાર નો એડમીશન, વિધાઉટ પરમીશન અને એડમીશન ઓન્લી વીથ પરમીશન જેવા બોર્ડ માર્યા હોય છે જેને હટાવી લેવા ફૂડ એન્ડ સેફટી વિભાગે અધિકારીઓને આદેશ કર્યો છે. ગ્રાહકો રસોડાની અંદર કેવી પરિસ્થિતિ છે તે જોઈ શકે તેવી રીતે બારણા રખાવવા માટે સૂચના આપી છે. રાજયના ફૂડ એન્ડ સેફટી વિભાગે પરિપત્ર કર્યો છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશન અને તમામ ડેઝીગનેટિડ અધિકારીઓએ હોટલો, કેન્ટી અને રેસ્ટોરાંમાં જઈ તાત્કાલિક તપાસ કરવી કે રસોડાની બહાર નો એડમીશન, વિધાઉટ પરમીશન અને એડમીશન ઓન્લી વીથ પરમીશન જેવા બોર્ડ માર્યા હોય તો તેને તાત્કાલિક દૂર કરાવવાના રહેશે. રસોડું સ્વચ્છ રાખવા જાણ કરવી તેમજ ગ્રાહકો રસોડાની અંદરની પરિસ્થિતિ કેવી છે તે જોઈ શકે તેવી બારીઓ અને દરવાજા રખાવવા માટે કહ્યું છે. જેથી કોઈ પણ ગ્રાહક હવે રેસ્ટોરાંમાં આવેલ રસોડામાં જઈ તપાસ કરી શકશે. રાજયના ફુડ એન્ડ સેફટી વિભાગના આ પરિપત્રના કારણે હવે અમદાવાદ શહેર સહિત રાજયભરની હોટલો, રેસ્ટોરન્ટ્સ અને કેન્ટીનોના રસોડામાં જે બિનઆરોગ્યપ્રદ ચીજવસ્તુઓ અને ગંદકી, સફાઈનો અભાવ સહિતની જે બદીઓ ચાલતી હતી, તેની પર હવે તવાઈ આવશે અને રોક પણ લાગી શકશે. ગ્રાહકો ખુદ હોટલો, રેસ્ટોરન્ટ્સ અને કેન્ટીનમાં રસોડામાં જઈ નીરીક્ષણ કરી શકશે અને જો કોઈ વાંધાજનકે બિન આરોગ્યપ્રદ ખાદ્યચીજ, ગંદકી અને અસ્વચ્છતા જોવા મળશે તો સંબંધિત સત્તાવાળાઓને પણ ફરિયાદ કરી શકશે. બીજીબાજુ, અમ્યુકો સહિતના સત્તાવાળાઓ હવે આગામી દિવસોમાં હોટલો, રેસ્ટોરન્ટસ અને કેન્ટીનમાં તપાસ હાથ ધરી રસોડાની બહાર નો એડમીશન, વિધાઉટ પરમીશન અને એડમીશન ઓન્લી વીથ પરમીશન જેવા બોર્ડ માર્યા હોય તો તેને તાત્કાલિક દૂર કરાવવાની કાર્યવાહી હાથ ધરશે.



## શહેરના વરિષ્ઠ ટેનિસ ખેલાડીનો ખેલ મહાકુંભમાં બ્રોન્ઝ મેડલ

ગુજરાત સરકાર દ્વારા પ્રતિ વર્ષ યોજવામાં આવતા ખેલ મહાકુંભની આ વર્ષની સ્પર્ધાની શરૂઆત થઈ ચુકી છે. ખેલ મહાકુંભમાં વિવિધ રમતો વિવિધ વયજુથ આધારે રમાડવામાં આવે છે જેમાં વરિષ્ઠ વયના ખેલાડીઓ માટે ૬૦ વર્ષથી વધુ ઉમંરના ખેલાડીઓના વયજુથનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં ટેનિસ રમત માટે યોજાયેલી સ્પર્ધામાં સિંગલ પ્લેયર કેટેગરીના ૬૦ વર્ષથી ઉપરની વયના વયજુથમાં ગાંધીનગર સચિવાલય જીમખાનામાં રમતા ખેલાડી અતુલ બક્ષીએ પ્રસંશનીય પ્રદર્શન કરીને તૃતીય સ્થાન પ્રાપ્ત કરતા બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે તેમણે જીમખાના સહિત શહેરનું ગૌરવ વધાર્યુ છે.

## જૂનાગઢના ઉપરકોટ કિલ્લાને 'રાજ્ય રક્ષિત સ્મારક' જાહેર કરાયું

રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢમાં આવેલા ઐતિહાસિક એવા ઉપરકોટના કિલ્લાની દિવાલ અને ઉપરકોટના દરવાજાને 'રાજ્ય રક્ષિત સ્મારક' તરીકે જાહેર કરવામાં આવ્યું છે તેમ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની યાદીમાં જણાવાયું છે. ગુજરાત સરકાર હસ્તકના જૂનાગઢના ઉપરકોટ વિસ્તારમાં આવેલા આ રક્ષિત સ્મારક-કિલ્લાની દિવાલ અને ઉપરકોટનો દરવાજો ૨,૭૩,૭૩૩ ચો.મી. વિસ્તારમાં આવેલો છે તેમ પણ યાદીમાં વધુમાં જણાવાયું છે.

## આગામી અઠવાડિયે ફરી વાદળો છવાશે : વરસાદની સંભાવના

ગાંધીનગર, તા. ૭

આગામી દિવસોમાં હજુ વાતાવરણમાં ફેરફાર આવી શકે છે. આકાશમાં વાદળો છવાયેલા રહેશે અને વરસાદ પણ પડી શકે છે

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે મહા વાવાઝોડાન અસર તળે રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થવામાં છે. ત્યારે હવામાન અંગે ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં હજુ વરસાદની સ્થિતિ એકાદ દિવસ રહે આમ છતાં દેશના દક્ષિણ-પૂર્વિય તટીય ભાગોમાં ચક્રવાતની અસરની સંભાવના છે.જેની અસર તળે રાજ્યના ભાગોમાં પણ હવામાન પલ્ટાય. તા. ૮, ૯ અને ૧૦માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થવાની શક્યતા રહે. પશ્ચિમી વિક્ષેપની અસર પણ રહે. જેના કારણે રાજ્યમાં ઠંડા પવનો આગામી દિવસોમાં ફુંકાઈ શકે. હવામાનમાં હજુ પણ વિપર્યાય જણાય. તા. ૧૪ સુધીમાં સાગરમાં ઊંચા મોજા ઉછળે. સામાન્ય રીતે અરબ સાગરમાં ફૂંકાતા વાવાઝોડા અખાત સાગરના લીધે તેમજ તેની ગતિ ઓમાન તરફ રહેતા ઉપરાંત ઉત્તરના પવનોની અસર પણ થતાં તેમજ ઘણા પરીબળોને ધ્યાનમાં લેતા આવા વાવાઝોડા દક્ષિણપૂર્વય તટીય ભાગોમાં અસરકર્તા રહેતા હોય છે. જ્યારે અફાટ અરબ સાગરમાં વાવાઝોડુ અતિભારે-ભારે વાવાઝોડામાં પરીવર્તીત થઈ ડીપ ડીપ્રેશનોમાં ફેરવાઈ જતુ હોય છે. જેના લીધે વાવાઝોડાની ગતિ ઘટી જતી હોય છે. આમ છતાં સમુદ્રના ઉષ્ણતામાના લીધે ભેજવાળા ફરક્કા વરસાદ પણ લાવતા હોય છે.

સાનુકૂળ સ્થિતિ હોય તો જ અરબ સાગરમાં ગુજરાતકિનારે મારફાડ વાવાઝોડા ફૂંકાતા હોય છે જ્યારે દક્ષિણ પૂર્વિય તટીય ભાગોમાં ભૌગોલિક કારણસર મારફાડવાળા વાવાઝોડા થતા હોય છે. નવેમ્બર માસમાં દક્ષિણ-પૂર્વિય તટીય ભાગોમાં પણ ચક્રવાતની સંભાવના રહે. તા. ૧૪ નવેમ્બર સુધીમાં વાતાવરણમાં વિપર્યાય રહે. તા. ૧૮ થી ૨૧માં પણ દેશના દક્ષિણ-પૂર્વિય તટીય ભાગોમાં ચક્રવાતી અસરો રહેવાની સંભાવના રહે. ઉપરાંત આફ્રિકાના ભાગો, સોમાલીયાના ભાગોમાં પણ હળવા દબાણ થવાની શક્યતા રહે અને દક્ષિણ ભારતના ભાગોમાં પણ ભારે વરસાદની સંભાવના રહે. પવનો ફૂંકાતા તેમજ ઉત્તરીય ભાગોમાં દિલ્હીના પ્રદૂષણમાં ઘટાડો થવાની પણ સંભાવના રહે. આમ છતાં આગામી દિવસોમાં દેશના ઉત્તરીય ભાગોમાં ભારે ધુમ્મસની પણ સંભાવના રહે.

### મેરતરામ વલભરામની પુણ્યતિથિ નિમિત્તે

## સુખડીયા સમાજના વેપારીઓ દ્વારા એક દિવસ વેપારમાં રજા રખાઈ

ગાંધીનગર, તા. ૭

શહેરમાં વારે તહેવારે નગરજનો મિષ્ઠાન કે નમકીનની ખરીદી કરતા રહેતા હોય છે. રવિવારની રજા હોય કે જાહેર રજા મિષ્ઠાન અને નમકીનની દુકાનમાં ક્યારેય રજા નથી હોતી. પૂરા વર્ષમાં દુકાનના સમય મુજબ નાસ્તો, મીઠાઈ, નમકીન કે અન્ય ચીજવસ્તુઓ ત્યાંથી મળી રહે છે. પરંતુ શહેરના સુખડીયા સમાજના વેપારીઓ કારતક સુદ દસમના દિવસે પોતાની દુકાનોમાં કારતક સુદ દસમમાં રજા રાખે છે. પૂરા વર્ષમાં આજના એક દિવસ ઉત્તર ગુજરાત તથા શહેરના સુખડીયા સમાજના દુકાનધારકો સંપૂર્ણ બંધ પાડે છે. જેથી શહેરમાં ગુરૂવારના રોજ સુખડીયા પરિવારના વેપારીઓએ રજા રાખી હતી.

સુખડીયા સમાજના આગેવાન એવા મેરતરામ વલ્લભરામની પુણ્યતિથી નિમિત્તે દર વર્ષે કારતક સુદ દસમના દિવસે ઉત્તર ગુજરાત તથા નગરના સુખડીયા સમાજના વેપારીઓએ તેમની દુકાન સંપૂર્ણ બંધ રાખી હતી. સમાજના અગ્રણીઓના કહ્યા મુજબ વર્ષો પહેલા સમાજના આગેવાન એવા મેરતરામ વલ્લભરામે સુખડીયા સમાજને તેમની જમીન ભેટમાં આપી હતી. તેમના માનમાં તેમની પૂણ્યતિથી નિમિત્તે વર્ષોથી ઉત્તર ગુજરાત તથા નગરના સુખડીયા સમાજના વેપારીઓ વેપારમાં રજા રાખે છે.

વારે-તહેવારે જુદી જુદી મીઠાઈ વેચતા તથા ઉત્તરાયણ, શિવરાત્રી, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી જેવા મુખ્ય તહેવાર નિમિત્તે સ્ટોલ બાંધતા રવિવાર કે જાહેર રજા પણ ન રાખનાર સુખડિયા સમાજના વેપારીઓની દુકાન ગુરૂવારના રોજ બંધ રહી હતી. જેથી શહેરીજનો એક દિવસ માટે તેમના દ્વારા થતી મિઠાઈ, નમકીન કે અન્ય ચીજવસ્તુઓથી વંચિત રહ્યા હતા.

## શ્રી હરસિધ્ધ આશ્રમનો શિલાન્યાસ કાર્યક્રમ યોજાશે

શ્રી હરસિધ્ધ સેવા ટ્રસ્ટ સંચાલિત હરસિધ્ધ આશ્રમ (મૂ. ગાંધવી, તા. કલ્યાણપુર, જી. દેવભૂમિ દ્વારકા)નો શિલાન્યાસ અને પંચકુંડાત્મક શતચંડીયાગ સમન્વિત લઘુ રૂદ્રયાગ તા. ૯ અને ૧૦ નવેમ્બરના રોજ યોજાશે. આ બે દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં સૌ ભક્તોને પધારવા હરસિધ્ધ આશ્રમના ગાદીપતિ વિશ્વાસભાઈ જાની દ્વારા અનુરોધ કરાયો છે.

તા. ૯-૧૧-૧૯ને શનિવારના રોજ શિવસક્તિયાગનો પ્રારંભ થશે, જ્યારે બપોરે ૨ થી ૪ દરમિયાન રૂદ્રહોમા સાંજે ૫ કલાકે મહાઆરતી અને સાંજે રાશ-ગરબાની રમઝટ જામશે. જ્યારે તા. ૧૧-૧૧-૧૯ના રોજ માતાજીની ભવ્ય શોભાયાત્રા, બપોરે ૧૨ કલાકે શિલાન્યાસ આશ્રમની પ્રથમ ઈંટ મુકાશે. ત્યારબાદ ભક્તો માટે ભોજન-પ્રસાદી અને દાતા-યજમાનોનું સન્માન મહોત્સવ યોજાશે. સાંજે ૪ કલાકે યજ્ઞ પુર્ણાહૂતિ. ત્યારબાદ મહાઆરતી યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો હાજર રહેશે.

આ શિલાન્યાસ મહોત્સવના મુખ્ય મહેમાન તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પોરબંદરના સાંસદ સભ્ય રમેશભાઈ ધડુક, જામનગરના સાંસદ સભ્ય પૂનમબેન માડમ, દ્વારકાના ધારાસભ્ય પ્રભુભા માણેક, પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખરીયા, વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલ, ગ્રામગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન મુળુભાઈ બેરા, ઈડર ધારાસભ્ય હિતેશ કનોડીયા, આણંદ ધારાસભ્ય કાન્તિભાઈ સોઢા પરમાર, દ્વારકા નગરપાલિકા પ્રમુખ જીતેશ એમ. માણેક સહિત સૌ ગાંધવી (હર્ષદ) ગામના સમસ્ત ગ્રામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો સહયોગ આપશે.

## ચિલોડા પુલ નીચે ઓરડીમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક ચિલોડા ખાતે બની રહેલા ઓવરબ્રિજ નીચે એક બંધ ઓરડીમાંથી અંદાજીત ૪૦ વર્ષના અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. દિવાળીના તહેવારોમાં શ્રમિકો પોતાના વતનમાં ગયા હોવાથી ઓરડી સહિતના વિસ્તારમાં કોઈ હતું નહીં. તે દરમિયાન ગુરુવારે ઓરડી આસપાસમાંથી અસહ્ય દુર્ગંધ મારતા નાગરિકોએ તપાસ કરતા અંદરથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવને પગલે સ્થળ પર આવી ગયેલ પોલીસ કર્મચારીઓએ મૃતદેહને પી.એમ. કરાવવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલ્યો હતો. મૃતદેહનું પેનલ ડૉકટર દ્વારા પી.એમ. કરાયું હતું. ચિલોડા પોલીસે અજાણ્યા પુરૂષના મોતના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ઓરડી અને પુરૂષના કપડામાંથી ઓળખ થાય તેવા કોઈ પુરાવા પ્રાપ્ત થયા નથી. તો સ્થાનિક નાગરિકોના મતે આ પુરૂષ ચિલોડા વિસ્તારમાં ફરતો હતો અને અસ્થિર મગજનો ભિક્ષુક હતો. ચિલોડા પોલીસે મૃતદેહને કોલ્ડરૂમમાં મુકાવી તેના વાલી વારસોની શોધખોળ આદરી છે.

# વિચરતી - વિમૂકત જાતિના પરિવારો સાથે રૂપાણીનો સંવેદનાસભર સંવાદ

ગાંધીનગર, તા. ૭

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે આઝાદી બાદ વર્ષો સુધી અહિં-તહિં વિચરતા રહેલા છૂટા-છવાયા વસેલા આવા પરિવારોની સ્પેશ્યલ કેર કરીને વિકાસ લાભો પહોચાડી તેમને પણ વિકાસની મુખ્ય ધારામાં લાવવા છે. તેમને પણ સ્ટેબલ થવાની તક આપવી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી નિવાસસ્થાને 'મુખ્યમંત્રીશ્રી સાથે મોકળા મને' સંવાદની શરૂ કરેલી શૃંખલાની ચોથી કડીમાં ગુરૂવારે રાજ્યની વિચરતી – વિમૂકત એવી ૪૦ જ્ઞાતિઓના અદના ગરીબ ગ્રામીણ લોકોને




આમંત્ર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પરિવારો-વ્યકિતઓ સાથે દોઢ કલાક જેટલો સમય વિતાવીને તેમની રજૂઆતો સંવેદનાથી સાંભળી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યુ કે, વિચરતી-વિમૂકત જાતિની નવી પેઢીને અન્ય વિકસીતોની હરોળમાં લાવવા અને આંખમાં આંખ મિલાવી કામ કરી શકે તેવી સજ્જ બનાવવા સરકારની વિવિધ યોજનાના લાભો તેમના સુધી પહોચાડવા જ્ઞાતિ આગેવાનો-અગ્રણીઓ સ્વયં કામ ઉપાડે.

તેમણે ઉમેર્યુ કે, નવી પેઢીના જે સપનાઓ છે તેને સાકાર કરવા સમાજ આગેવાનો સહયોગ કરીને સરકારની યોજનાઓનો લાભ અંતિમ વ્યકિત સુધી પહોચાડે તે સમયની માંગ છે.

તેમણે જણાવ્યું કે, સંસાધનો પર સૌથી પહેલો અધિકાર આવી ગરીબ-વંચિત વિચરતી જાતિઓનો રહેશે. રાજ્ય સરકાર આ માટે સંપૂર્ણ મદદ કરીને 'સૌના સાથ સૌના વિકાસ'ના મંત્રને સાકાર કરશે જ. એક પણ વર્ગ સહાય વિના ન રહી જાય તેની ચિંતા સરકાર કરે છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ વિચરતી જાતિઓને યોજનાકિય કલ્યાણ લાભો આપીને વ્યથાને વ્યવસ્થામાં પલટાવવાની નેમ પણ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, આ કાર્યક્રમમાં અરજદાર તરીકે નહિ પરંતુ મહેમાન તરીકે મુખ્યમંત્રી આવાસે નિમંત્રણ અપાય છે. સિંગલ વે કોમ્યુનિકેશન નહિ પરંતુ રજૂઆતો અને તેના નિવારણ માટેની ચર્ચાઓ ડાયલોગ ટૂ-વે થાય છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ મોકળા મને કાર્યક્રમમાં મળતી રજૂઆતો-પ્રશ્નોના નિવારણ માટે કાર્યક્રમ પૂર્ણ થયાના ચાર જ દિવસમાં સંબંધિત અધિકારીઓની બેઠક મળે છે અને યોગ્ય દિશામાં કાર્યવાહિ થાય છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ ફૂલવાદી-મદારી, નટ, બજાણિયા, વાંસિયા, દેવીપૂજક-પટણી, વણઝારા, ડફેર સહિતની વિવિધ વિચરતી જ્ઞાતિઓના સભ્યોએ વિવિધ રજૂઆતો કરી હતી.

સરકારી સેવામાંથી નિવૃત થયેલા અને ફૂલવાદી-મદારી જાતિના એક અધિકારીએ પોતાની સફળતામાં સરકારની યોજના અને સમાજના સહયોગની સરાહના કરી હતી.


આ જાતિના બહુધા રજૂઆત કર્તાઓએ આઝાદીના ૬-૭ દાયકા સુધી તેમની કોઈ દરકાર કોઈ સરકારોએ લીધી નહિ અને ભટકતા વિચરતા રાખ્યા તેવી લાગણી વ્યકત કરી, ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારે તેમને યોજનાકીય લાભ-આવાસ આપ્યા તે માટે આભાર અને હર્ષ વ્યકત કર્યા હતા.

આ કાર્યક્રમમાં સામાજીક ન્યાય અને અધિકારીતાના અગ્ર સચિવ શ્રી મનોજ અગ્રવાલ, અનૂસુચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ નિયામક પ્રકાશ સોલંકી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા માટે નાબાર્ડ દ્વારા તૈયાર કરાયેલ સંભવિત લિંક્ડ ક્રેડિટ યોજના

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ઉપલબ્ધ અને શોષણક્ષમ સંભવિતતાઓના આધારે બેંકો દ્વારા ક્રેડિટ પ્લાનિંગને સહાય અને પૂરક બનાવવા માટે નાબાર્ડે વર્ષ ૨૦૨૦-૨૧ માટે સંભવિત લિંક્ડ ક્રેડિટ યોજના (પી.એલ.પી.) તૈયાર કરી છે. આ સંભવિત લિંક્ડ ક્રેડિટ યોજના(પી.એલ.પી.)ને તાજેતરમાં યોજાયેલ ડી.એલ.સી.સી.ની બેઠકમાં



ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે આરંભ કરાવવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જિલ્લાના પીએલપી ૨૦૨૦-૨૧, જિલ્લાના વિકાસમાં નાબાર્ડની ભૂમિકા અને યોગદાન તેમજ લીધેલા ઉપક્રમો અને પ્રયાસોની સરાહના કરી હતી.

નાબાર્ડે દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માટે સંભવિત લિંક્ડ ક્રેડિટ યોજના (પી.એલ.પી.) તૈયાર કરવામાં આવી છે. જેમાં બેન્કરો, સરકારની સલાહ લીધા પછી. જિલ્લાના વિવિધ ક્ષેત્રો માટેની ધિરાણ સંભવિતતાનું મૂલ્યાંકન કરવા માટે વિભાગો, જિલ્લાના વિકાસ આયોજકો વગેરે, કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા જણાવેલ પ્રાધાન્યતા અને પ્રાકૃતિક સંપત્તિ અને માળખાગત સુવિધા ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે પીએલપીની થીમ "હાઈ-ટેક એગ્રિકલ્ચર'' છે. પીએલપી ૨૦૨૦-૨૧માં રૂ. ૪૧૧૪૬૯.૨૨ લાખના ધિરાણ પ્રવાહનો અંદાજ છે, જેમાંથી પાક લોન અને એગ્રિ-ટર્મ લોનનો સમાવેશ કરતો ફાર્મ ક્રેડિટ ક્ષેત્રનો મહત્ત્વનો હિસ્સો ૫૬.૨૪ ટકા છે એટલે કે રૂ. ૨૩૧૪૨૬.૫૨ લાખ છે. એમ.એસ.એમ.ઈ., નિકાસ, શિક્ષણ, આવાસ વગેરે જેવા અન્ય ક્ષેત્રો માટે રૂ. ૧૮૦૦૪૨.૭૦ લાખનો અંદાજ મૂકવામાં આવ્યો છે, વર્ષ ૨૦૨૦-૨૧ માટેના પીએલપીનો અંદાજ, વર્ષ ૨૦૧૯ -૨૦ માટેના પીએલપી કરતા ૦૭.૧૦ ટકા વધારે છે. તેમજ કૃષિ અને સહાયક ક્ષેત્રોમાં ૩૫.૩૨ ટકા સફળ વૃદ્ધિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. વધુમાં બેંકો દ્વારા ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક પ્રાપ્ત ક્ષેત્ર માટે તૈયાર કરાયેલી વર્ષ-૨૦૧૯-૨૦ની વાર્ષિક ઋણ યોજનામાં આપવામાં આવેલા રૂપિયા ૩,૮૪,૧૬૦.૦૦ લાખના મૂલ્યાંકનથી પીએલપી ૨૦૨૦-૨૧નું મૂલ્યાંકન રૂ. ૨૭૨૯૦.૧૮ લાખ વધુ છે નાબાર્ડ ગાંધીનગર, પી.એલ.પી.ની તૈયારીમાં મૂલ્યવાન ઈનપુટ્સ પૂરા પાડવા બદલ જિલ્લા વહીવટીતંત્ર, બેન્કરો, એલડીએમ અને વિવિધ વિકાસ ભાગીદારોનો નિષ્ઠાપૂર્વક આભાર પણ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર. આર. રાવલ, આર.બી.આઈના એલડીઓ શીલા દેવી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટ, એસબીઆઈના આર.એમ. રવિશંકર, નાબાર્ડના ડીડીએમ નીરજ કે સિંઘ અને એલડીએમ સુરેશ બારીઆ સહિત વિવિધ બેન્કોના જિલ્લા સંયોજકો અને જિલ્લાના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
બ્લોક નં. ૧૮/૪, ઉદ્યોગ ભવન, સે.૧૧, ગાંધીનગર
ફોન/ફેક્સ ૦૭૯-૨૩૨૪૯૦૧૭-૧૮
website : www.guda.gujarat.gov.in

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં રહેણાંક તથા વાણિજ્ય એકમો માટે નર્મદા પાણી કનેક્શન મેળવવા માટેની**
**જાહેર વિજ્ઞપ્તિ**
**જળ એજ જીવન**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની ટી.પી. સ્કીમ નં. ૪, ૫, ૬, ૮, ૯, ૧૩ અને ટી.પી. સ્કીમ નં. ૧૯ (કુડાસણ, રાંદેસણ, વાસણા-હડમતીયા, સરગાસણ, વાવોલ અને રાયસણ) વિસ્તારમાં ગુડા દ્વારા નર્મદાના પાણીની લાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. જે અન્વયે આ વિસ્તારમાં આવેલ સોસાયટીઓ દ્વારાપાણી કનેક્શનો મેળવવા માટે જરૂરી આધાર પુરાવા સહિત સત્તામંડળની કચેરી ખાતે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. ગુડા દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમ મુજબ ચાર્જીસ લઈ પાણી કનેક્શન આપવામાં આવશે. આમ ગુડા વિસ્તારમાં પીવાના પાણીની યોજના કાર્યરત હોઈ તેનો મહત્ત લોકોને લાભ લેવા વિનંતી છે.

પાણી કનેક્શન મેળવવાના ફોર્મ રૂ. ૨૦/-ની કિંમતે ગુડા કચેરી ખાતેથી તા. ૧૮/૧૧/૨૦૧૯થી કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) મળશે. પાણીનું કનેક્શન લેવા સોસાયટીઓએ નિયત નમૂનામાં સાધનિક કાગળો સહ અરજી કરવા વિનંતી છે.

**સ્થળ : ગાંધીનગર** — **કાર્યપાલક ઈજનેર**
**તા. ૭/૧૧/૨૦૧૯** — **ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
**માહિતી/૧૪૩૯/૧૯-૨૦** — **ગાંધીનગર**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.-૦૧ વર્ષ ૨૦૧૯-૨૦૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી (વહીવટ), મધ્યસ્થ આલેખન તંત્ર, બ્લોક નં. ૯/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૪૮૬ દ્વારા આ પ્રકારના કામના અનુભવી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો (ઈટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કામનું નામ | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા<br>૪) બેંક સોલવંશી |
|---|---|---|
| ૧ | પ્રોઈડીંગ સર્વિસીસ ફોર સ્કેનીંગ એન્ડ અપલોડીંગ ઓફ રેકોર્ડસ ઈન ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ (ડી.એમ.એસ.) એન્ડ અધર એલાઈડ સર્વિસીસ | ૧) રૂ. ૨૬૦૦૦/-<br>૨) રૂ. ૧૫૦૦/-<br>૩) ૬ માસ<br>૪) રૂ. ૫.૦૦ લાખ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમયગાળો | તા. ૭/૧૧/૨૦૧૯થી તા. ૬/૧૨/૨૦૧૯, ૧૮.૦૦ કલાક સુધી |
| પ્રી-બીડ મીટીંગ : | તા. ૧૫/૧૧/૦૧૯, ૧૨.૦૦ કલાકે (મધ્યસ્થ આલેખન તંત્ર, બ્લોક નં. ૯/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે |
| ફીઝીકલ સબમીશન : (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય દસ્તાવેજો) | તા. ૭/૧૨/૨૦૧૯થી તા. ૧૩/૧૨/૨૦૧૯ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ ઓપનીંગ : | તા. ૭/૧૨/૨૦૧૯, ૧૨.૦૦ કલાક પછી |
| પ્રાઈસબીડ ઓપનીંગ | તા. ૭/૧૨/૨૦૧૯, ૧૨.૦૦ કલાક પછી (જો શક્ય હશે તો) (ફક્ત ટેકનીકલી રીસ્પોન્સીવ બીડ ઓફર માટે) |

વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.
કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૧૪૩૪/૧૯-૨૦